# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૨/૧૯-૨૦/૭૨૨૮** **તા.૦૧–૧૧–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૬/ક્વા-૨/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | **સામતભાઈ રતાભાઈ મુંધવા** ગામ: હમાપર |
| રજૂઆત કરનાર: | **અરજદાર સામતભાઈ રતાભાઈ મુંધવા અને તેમની સાથે વજાભાઇ માલાભાઈ મંઢ હાજર રહેલ છે.** |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - જામનગર ગ્રામ્ય |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી એન.પી.શાહ પીજીવીસીએલ વિભાગીય કચેરી - જામનગર ગ્રામ્ય |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી |
| તારીખ: | ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર ) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૨૬/ક્વા-૨/૧૯-૨૦ મા અરજદાર સામતભાઈ રતાભાઈ મુંધવા ગામ - હમાપર, તેઓની અરજીના નોંધણી નં: ૨૬/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, ગ્રાહક નં. –૩૧૯૪૬/૦૦૫૨૮/૨ થી આરજીપીઆર કેટેગરી હેઠળ હમાપર ગામે વીજજોડાણ ધરાવે છે. તા.૦૭–૦૬–૧૯ ના રોજ પીજીવીસીએલ દ્રારા રૂ.૧૧,૩૩૯/૦૧ નુ પુરવણીબીલ અપાયેલ છે.

૨.૧ સદર મકાનમાં અરજદાર મજુરી કામ કરતા હોવાથી દિવસ દરમ્યાન મકાન બંધ રહેતુ હોય – તેમજ વીજવપરાશ રાત્રી ના સમયગાળા પુરતો રહેતો હોય –તેમજ વીજવપરાશ – ૨૨ થી ૧૭ યુનીટ વચ્ચે રહે છે. તેમજ મીટર માં કોઈપણ ચેડા કરેલ નથી. વીજબીલમાં '' એફ'' દર્શાવેલ છે. અરજદાર ની ગેરહાજરીમાં સદર વીજ મીટર બદલાવેલ – જેની નોટીસ અરજદાર ને અપાયેલ – પરંતુ તેઓના ભાઈએ જણાવેલ ન હતુ. બીલ આર્થિક રીતે ખૂબજ વધુ હોય – તેમજ મીટર ફોલ્ટી હોય – અને પાવર ચોરી કરેલ ન હોય – તેમ સ્પષ્ટ હોવા છતા – અનુમાન થી આપેલ બીલ રદબાતલ કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- સદર વિજકનેકશનનુ મીટર ઓગષ્ટ-સપ્ટે. બીલ્ડ ઇન ઓકટો-૧૮ નુ બીલ બનાવતી વખતે વિજ મીટર ફોલ્ટી જણાતા વિજ મીટરને ફોલ્ટી જાહેર કરી "F" સ્ટેટસમાં ૨૦ યુનીટનુ બીલ આપેલ હતુ, ત્યારપછીના બે બીલ "F" સ્ટેટસમાં આપેલ છે. જેં ૩૨ અને ૧૭ યુનીટ ના છે. ત્યાર બાદ સદર મીટર તા.૨૫.૦૨.૨૦૧૯ નાં રોજ ડિસપ્લે ઓફ અને ફોલ્ટી હોવાને કારણે બદલવામાં આવેલ હતુ. જે મીટરને તા. ૦૭.૦૬.૨૦૧૯ નાં રોજ વિજ મીટર લેબમાં ચેક કરતા મીટર બરાબર માલુમ પડેલ હતુ. પરંતુ PT સપ્લાય આપતા મીટરમા KWHનુ રીડીંગ ૩૧૫૪ યુનીટ માલુમ પડેલ હતુ. આથી ગ્રાહકને મીટરમાં રહેલ પેન્ડિંગ રીડીંગ ૧૬૬૦ નુ બીલ રૂા. ૧૧૩૩૯.૧૦ નુ આપવામાં આવેલ છે.

૩.૧ સદર મીટર બદલ્યા બાદ ગ્રાહકનુ પહેલુ બીલ એપ્રીલ-મે બીલ્ડ ઇન જુન-૧૯નુ નવા મીટરમાં વપરાશ ૧૨૩ યુનીટનો આવેલ છે. તેમના જુના મીટરમાં પણ અગાઉ જુન-જુલાઇ-૧૬, ૧૩૯ યુનીટ, ઓગષ્ટ-સપ્ટે.-૧૬ ૧૮૨ યુનીટ, ઓકટા-નવે-૧૬ ૧૬૬ યુનીટ, ડિસે-જાન્યુ-૧૭ ૧૦૧ યુનીટ, ફેબ્રુ-માર્ચ-૧૭ ૧૨૨ યુનીટ વગેરે વપરાશ આવેલ છે. આમ સદર ગ્રાહકનો વિજવપરાશ સરેરાશ ૧૫૦ યુનીટ જેવો જણાય છે. આમ મીટરમાં જે પેન્ડિંગ રીડીંગ નિકળેલ છે તે ખરેખર ગ્રાહકે વાપરેલા યુનીટ જણાય છે. માટે સદર પેન્ડિંગ યુનીટનુ બીલ ગ્રાહકે ભરવાપાત્ર છે તેવુ નીચે સહી કરનારનો સ્પષ્ટ અભિપ્રાય થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોકત પેરા નં– ૨.૦ અને ૨.૧ અન્વયે – અરજદાર ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નં.–૩૧૯૪૬/૦૦૫૨૮/૨ થી હમાપર ગામ – તા.ધ્રોલ ખાતે ધરાવે છે.

૪.૨ અરજદાર નુ વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૮ બીલ્ડ ઈન માહે ઓકટોબર–૧૮ મા વીજ મીટર ફોલ્ટી અન્વયે – મીટર ની સ્થિતી – ''એફ '' મુજબ ગણીને સરેરાશ ૨૦ યુનીટ નુ વીજબીલ આપેલ. ત્યારબાદ, માહે ઓકટોબર–નવેમ્બર–૧૮ અને માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૯ મા પણ મીટર ની સ્થિતી ''એફ '' ગણીને વીજબીલ આપવામા આવેલ છે.

૪.૩ ઉપરોકત પેરા નં.–૪.૨ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – મીટર રીપ્લેસમેન્ટ શીટ નં.–જેઆરડી–૧૦૧૮૬૭ તા.૨૫–૦૨–૧૯ ના રોજ – સદર મીટર કંપની એચ.પી.એલ. સીરીયલ નં.–૨૫૪૮૧૭૨ અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં બદલાવેલ ત્યારે મીટર નો ડિસ્પલે બંધ છે, તેમજ જોડેલ લોડ ની વિગતમાં ટીવી–૧, પંખો–૧, લેમ્પ – ૨ ની નોંધ કરેલ છે, તેમજ નવુ મીટર – ''૦'' યુનીટ થી મુકવામા આવેલ છે. સદર મીટર લેબોરેટરીમાં ચકાસણી માટે અરજદાર ને તા.૦૫–૦૪–૧૯, તા.૧૨–૦૪–૧૯ અથવા તા.૧૯–૦૪–૧૯ ના રોજ હાજર રહેવા જણાવેલ છે.

૪.૪ ઉપરોકત દર્શાવ્યા મુજબ ની ૦૩ તારીખમાં મીટર તપાસણી માટે અરજદાર હાજર ન રહેતા – મીટર ની ચકાસણી તા.૦૭–૦૬–૧૯ ના રોજ એક તરફી કરાયેલ છે. તેના રીપોર્ટ મુજબ – પીટી સપ્લાય આપતા મીટર યોગ્ય છે, અને રીડીંગ ૩૧૫૪ KWH નોંધ કરેલ છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૪ મુજબ – અરજદાર ના વીજવપરાશ કરતા – સદર મીટર લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મુજબ – અસાધારણ રીડીંગ જણાયેલ હતા. તેમ છતા – સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરવામા આવેલ નથી.

૪.૬ અરજદાર ના સદર વીજજોડાણમાં પી.આર.ટી.–૧૪૫ મુજબ કરાયેલ વીજવપરાશ નીચે પ્રમાણે છે.

| Month/ Year | 2016 | | | 2017 | | 2018 | | | 2019 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Dec,Jan | 358 | | | 1113 | **101** | 1394 | | **22** | 1464 | F | **17** |
| Feb, Mar | 437 | | **79** | 1235 | **122** | 1397 | | **3** | 0 | C | |
| Apr,May | 527 | | **90** | 1273 | **38** | 1415 | | **18** | 123 | | **123** |
| Jun,Jul | 664 | | **137** | 1318 | **45** | 1415 | L | **0** | 164 | | **41** |
| Aug,Sep | 846 | | **182** | 1333 | **15** | 1415 | F | **0** | | | |
| Oct, Nov | 1012 | | **166** | 1372 | **39** | 1447 | F | **32** | | | |
| **Avg** | **641** | | | **1274** | | **1414** | | | | | |

૪.૭ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ થી ૪.૬ મુજબ ની વિગતે – મીટર રીડર દ્રારા – અરજદાર ને મીટર રીડીંગ મુજબ વીજબીલ અપાયેલ છે. ત્યારબાદ, વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૮ માં ફોલ્ટી મુજબ ગણીને ત્યારબાદ, માહે ઓકટોબર–નવેમ્બર– ૧૮ માં હાલનુ રીડીંગ ૧૪૪૭ અને પાછલુ રીડીંગ – ૧૪૧૫ મુજબ ૩ર યુનીટ નુ ફોલ્ટી મુજબ – ત્યારબાદ, માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૯ માં હાલનુ રીડીંગ ૧૪૬૪ અને પાછલુ રીડીંગ – ૧૪૪૭ મુજબ ૧૭ યુનીટ નુ ફોલ્ટી મુજબ અપાયેલ છે. વધુમાં અરજદારનો વીજવપરાશ જોતા – ૦૧ ટીવી, ૦૧ પંખો અને ૦ર લેમ્પ જોડેલ છે, એટલેકે આશરે ૨૨૮ વોટ જેવો ગણી શકાય. લેબોરેટરી ચેકીંગ દરમ્યાન – મીટર નો ડિસ્પલે બંધ છે. જયારે મીટરમાં PT સપ્લાય આપતા – સવાલવાળા મીટરમાં ૩૧૫૪ રીડીંગ જોવા મળેલ છે, પરંતુ એમ.આર.આઈ. અહેવાલ લીધેલ નથી. તેમ છતા, અરજદારને પડતર યુનીટ ગણીને ૧૬૬૦ યુનીટ નુ – રૂ.૧૧,૩૩૯/– નુ બીલ આપેલ છે, જે વીજભાર મુજબ વીજવપરાશ થયેલ છે કે નહી તે – એમ.આર.આઈ. અહેવાલ વગર સદર જોવા મળેલ રીડીંગ માન્ય રાખી શકાય નહી. જેથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – સરેરાશ વીજવપરાશ મુજબ – વીજબીલ આપવુ જોઈએ – જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્રારા તા.૨૧–૦૬–૧૯ થી અપાયેલ પુરવણીબીલ રદબાતલ કરવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૮ મુદ્દા નં. ૪.૭ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૯ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯